B

A

O

U


**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય" પરિસર,

શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,

છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧

E-mail: feedback@baou.edu.in Website : www.baou.edu.in


# સત્રીયકાર્ય જાન્યુઆરી – ૨૦૧૬

## <u>સ્નાતક પદવી અભ્યાસક્રમ : (BDP)</u>

## પાઠયક્રમ શીર્ષક

# ECO-01,02

**ધંધાકીય વ્યવસ્થા :- ECO-01**

**નામાપદ્ધતિ-I :- ECO-02**

**અભ્યાસકેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :-<u>30/0૬/૨૦૧૬</u>**

નોંધ :- વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા તેમજ મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથે અભ્યાસ કેન્દ્ર પરથી પરત અવશ્ય લેવું.

:-જમા કરાવવાની છેલ્લી તારીખ :- <u>30/0૬/૨૦૧૬</u>પછી વિદ્યાર્થીઓ દ્વારા મોકલાવેલ સ્વાધ્યાયકાર્ય સ્વીકારવામાં આવશે નહી.

## સત્રીયકાર્ય માટે આવશ્યક સૂચનાઓ

**પ્રિય વિદ્યાર્થી મિત્રો**

દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસ માટે દરેક અભ્યાસક્રમમાં પાઠયક્રમ દીઠ સ્વાધ્યાયકાર્યો રજૂ કરવા ફરજીયાત છે. આ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૦૮ સુધીના પ્રવેશાર્થીઓ માટે B.A./B.Com ના પ્રથમ વર્ષ, બીજા વર્ષ તેમજ ત્રીજા વર્ષના તમામ અભ્યાસક્રમ/પાઠયક્રમમાં ચાર ક્રેડિટના પાઠયક્રમમાં બે અને આઠ ક્રેડિટના પાઠયક્રમમાં ત્રણ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાનો નિયમ હતો. એકેડેમીક પ્લાનીગ બૉડની (A.P.B.મંજૂરીથી) ઓગષ્ટ-૨૦૦૯ થી પાઠયક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય રજૂ કરવાની નવી પદ્ધતિ શરૂ થયેલ છે. તેથી આપને પાઠયક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય જે અભ્યાસ કેન્દ્ર પરથી મેળવવાના હોય અને તેને નિશ્ચિત થયેલ છેલ્લી તારીખમાં સ્વ-અધ્યયનના આધારે તૈયારી કરી, પોતાના અભ્યાસ કેન્દ્ર પર જમા કરાવવાના રહેશે. દરેક સ્વાધ્યાયકાર્ય માટે ૧૦૦ ગુણ નિશ્ચિત છે. જેમાં પાસ થવા માટે ૩૬ ગુણ જરૂરી છે. પરિણામમાં તેનો ભારાંક ૩૦% છે.

આ સત્રીયકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય પરીક્ષા માટેની પૂર્વ તૈયારી છે. સત્રીયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્રો જેવું હોય છે. પ્રશ્નોના જવાબમાં અભ્યાસ સામગ્રીનું પુનરાવર્તન કરવાનું નથી હોતું. તમે વાંચનથી જે શીખ્યા છો, જે સમજ્યા છો, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી તમે સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાની કામગીરી ગંભીરતાથી કરશો. તમારે પાઠયક્રમના સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ લખતા પહેલા પ્રથમ પાના ઉપર **નીચે મુજબની માહિતી લખવી જરૂરી છે.**

જવાબ માટે કેવળ(ફક્ત) ફૂલસ્કેપ કાગળનો જ ઉપયોગ કરો અને તે કાગળોને વ્યવસ્થિત બાંધવા

દરે જવાબના પહેલા પ્રશ્ન સંખ્યા આવશ્યક (ફરજિયાત) લખો.

સ્વહસ્તાક્ષર માં જવાબ લખો.

નોંધ :- સત્રાંત પરીક્ષા આપતા પહેલા સ્વાધ્યાયકાર્યો જમા કરાવવા ફરજિયાત છે.

અન્યથા (નહિતર) પરીક્ષા આપવામાં આવશે નહીં.

નોંધણી નંબર:-____________________

પૂરું નામ :- ____________________

સરનામું :- ____________________

મોબાઈલ નં :- ____________________

તારીખ :- ____________________

અભ્યાસક્રમ :- ________________________

પાઠયક્રમ :- ________________________

સ્વાધ્યાય સંખ્યા:-________________________

અમે ઈચ્છીએ છીએ કે તમે દરેક સત્રીયકાર્ય અલગ અલગ ચોપડામાં સુંદર ભાષામાં ઉપર દર્શાવેલ મુજબની માહિતી સાથે છેલ્લી તારીખ પહેલા અભ્યાસ કેન્દ્ર પર મોકલી આપશો.

જૂના વિદ્યાર્થીઓ (૨૦૦૮ સુધીના) માટે જૂની પધ્ધતિના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. જે ધ્યાને લેવું.

**શુભેચ્છા સહ**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## પાઠયક્રમ કોડ :- ECO-01 :- ધંધાકીય વ્યવસ્થા

## સત્રીયકાર્ય કોડ :- ECO-01/AST-01/TMA/2016

## (તમામ પાઠયસામગ્રી પર આધારિત)

**અભ્યાસકેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- 30/06/2016** **(કુલ ગુણ :100)**

**વિભાગ –ક : વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો.** **(૨X૨૦= ૪૦)**

૧ ધંધાકીય સંગઠનના આદર્શ સ્વરૂપની જરૂરિયાતોની ચર્ચા કરી સંગઠનના વિવિધ સ્વરૂપોની તુલના કરો.

**અથવા**

લાંબાગાળાની વિત્તવ્યવસ્થાનું સ્વરૂપ અને મહત્વ જણાવી લાંબાગાળાના ધિરાણના પ્રાપ્તિસ્થાનો વિગતે ચર્ચો.

**૨.** જાહેરાત એટલે શું? સમાજમાં જાહેરાતની ભૂમિકા વર્ણવી અસરકારક જાહેરાતની આવશ્યકતાઓ ચર્ચો.

**અથવા**

ધંધાકીય સંયોજન એટલે શું ? તેના કારણો જણાવી સંયોજનની અસરો વિગતે ચર્ચો.

**વિભાગ ખ :** મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો. (ગમે તે બે) (૨X૧૫= ૩૦)

૧ મૂડી માળખાની વિગતે ચર્ચા કરો.

૨ વિદેશ વેપાર એટલે શું? ભારતના વિદેશ વેપારની પ્રગતિ વિષે વિસ્તૃત માહિતી આપો.

૩ ધંધાની શકયતા એટલે શું? શકયતા અભ્યાસની જરૂરિયાત જણાવી ધંધાની શકયતા નકકી કરતા પરિબળો જણાવો.

૪ ખાનગી ધંધા પર સરકારી અંકુશના કારણો જણાવી સરકાર પોતે શા માટે ધંધો કરે છે તે વિષે વિસ્તૃત માહિતી આપો.

**વિભાગ ગ : નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે ચાર)** **(૪X૫= ૨૦)**

૧ માલિકીની મૂડી

૨ વેપારી શાખા

૩ જાહેરાતના ઉદ્દેશો

૪ જાહેરાતના માધ્યમ તરીકે ટેલિવિઝન

૫ જથ્થાબંધ વેપારીનું મહત્વ

**વિભાગ ઘ : ખાલી જગ્યા પુરો/ હા–ના માં જવાબ આપો (ગમે તે દશ)** **(૧X૧૦= ૧૦)**

૧ જાહેર જનતા તરફથી નાણાંકીય થાપણો એકત્રિત કરવાની અને જરૂરિયાતમંદોને લોન આપવાની પ્રવૃત્તિ એટલે ..............................................

૨ બીજા દેશમાં માલનું વેચાણ કરવું એટલે ..................................

૩ વસ્તુ અને સેવાઓની ખરીદ વેચાણ સાથે સંકળાયેલપ્રવૃતિ એટલે ..............................................

૪ એક સ્થળેથી બીજા સ્થળે માલ સામાનની હેરફેર સાથે સંકળાયેલ પ્રવૃતિ એટલે ............................

૫ મધ્યમગાળાની કે ટુંકાગાળાની જરૂરિયાતો માટે જાહેર જનતા પાસેથી ઉઘરાવેલું ભંડોળ એટલે .........................................

૬ ઈકિવટી મૂડી પર વધુ વળતર ચુકવવાના ઈરાદાથી ઉપયોગમાં લેવાતી મૂડીને ............................... પરનો વેપાર કહે છે.

૭ ....................................... એટલે એવી વ્યવસ્થા કે જેના દ્વારા કંપની શેર અને ડિબેન્ચરનું ભરણું કરી શકે.

૮ શેર અને ડિબેન્ચરને જાહેર ભરણામાં મૂકતાં પહેલા ખાનગી મસલત દ્વારા થતી વહેંચણીને ............................... ફાળવણી કહે છે.

૯ નફાની એવી રકમ જે શેરધારકોને ડિવિડંડ તરીકે ચુકવવામાં આવી નથી તેને .........................કહે છે.

૧૦ એવું સંગઠીત બજાર, જયાં જામીનગીરીઓના ખરીદ–વેચાણ થતાં હોય છે તેને ............................... કહે છે.

૧૧ ........................................ એટલે કે શેર બજારનો સભ્ય દલાલ, જે પોતાના નામે જામીનગીરીના ખરીદ–વેચાણનો સોદ કરી શકે છે.

૧૨ ભાવ તફાવતમાંથી નફો કરવાના હેતુથી કરવામાં આવતા જામીનગીરીઓના સોદાઓને ............................... કહે છે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## પાઠ્યક્રમ કોડ :- ECO-02 નામાપદ્ધતિ - I

## સત્રીયકાર્ય કોડ :- ECO-02/AST-01/TMA/2016

**(તમામ પાઠયસામગ્રી પર આધારિત)**

**અભ્યાસકેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- <u>૩૦/૦૬/૨૦૧૬</u>** **(કુલ ગુણ :૧૦૦)**

**વિભાગ ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો.(ચાર માંથી બે) (૨×૨૦=૪૦)**

પ્રશ્ન: ૧ આડતમાલને લગતા વ્યવહારોમાં માલધણી અને આડતિયાના ચોપડામાં કરવામાં આવતી વિવિધ આમનોંધ દર્શાવો.

પ્રશ્ન: ૨ (અ) નીચે આપેલ વિગત ટુંકમાં સમજાવો.

(i) સ્થિર હપ્તાની પદ્ધતિના ફાયદા-મર્યાદા (ii) અસરકારક ઉત્પાદનની પદ્ધતિ

(iii) ઉપજ-ખર્ચ ખાતું (iv) આવક સામે ખર્ચની મેળવણીનો ખ્યાલ

(બ) 01-10-2006 ના રોજ પાયલ લિમીટેડ દ્વારા રૂ. 60,000 ના યંત્રો ખરીદ્યા. 01-01-2007 ના રોજ કંપનીએ બીજા રૂ. 35,000 ના યંત્રો ખરીદ્યા. 30-06-2008 ના રોજ , 01-01-2007 ના રોજ ખરીદેલ યંત્રો રૂ. 28,000 માં વેચી દીધા. તે જ તારીખે રૂ. 18,000 ના પડતર કિમતના યંત્રો ગોઠવ્યા.

કંપની સીધી લીટીની રીત પ્રમાણે 10% લેખે ઘસારાની જોગવાઈ કરે છે. દર વર્ષે 31 ડિસેમ્બર ના રોજ હિસાબો તૈયાર કરે છે. 2006 થી 2008 એમ ત્રણ વર્ષ માટેનું યંત્ર ખાતું બનાવો.

પ્રશ્ન: 3 (અ) નીચે આપેલ ટૂંકનોંધ ઉદાહરણ સહિત સમજાવો.

(1) ભૂલોના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.

(2) ભૂલસુધારણા નોંધમાં ઉપલક ખાતાની સમજુતી આપી ઉપલક ખાતું બનાવવાના ફાયદા જણાવો.

(બ) અ, બ, અને ક સરખે હિસ્સે નફો વહેચતા ભાગીદાર છે. ધંધાનો કુલ ચોખ્ખો નફો 60,000 છે. મેનેજરને તેનું કમિશન ગણ્યા પછીના ચોખ્ખા નફા ઉપર 5% લેખે કમિશન આપવાનું થાય છે. મેનેજરના કમિશન ની ગણતરી કરો.

પ્રશ્ન:4 (અ) નીચે આપેલા વ્યવહારો ઉપરથી ત્રણ ખાનાવાળા રોકડમેળ તૈયાર કરો.

| | | |
|---|---|---|
| 2005 ડિસે. 1 | રોકડ સિલક | 2,000 |
| | બેંક સિલક | 10,000 |
| " 3 | માલ ખરીદીને ચેક આપ્યો | 4,000 |
| " 5 | ફર્નિચર રોકડેથી ખરીદ્યુ | 1,000 |
| " 7 | મજૂરી ચૂકવી | 600 |
| " 10 | રમેશને રોકડેથી માલ વેચ્યો | 2,000 |
| " 12 | વિશ્વાસને ચેકથી ચૂકવ્યા | 3,000 |
| " 15 | બેંકમાં રોકડ ભરી | 2,000 |
| " 17 | જતનને ચેકથી નાણા ચૂકવ્યા, | 2,450 |
| | તેણે વટાવ આપ્યો | 50 |
| " 19 | વિશાલ પાસેથી ચેક મળ્યો | 2,000 |
| " 20 | માલ વેચાણનો ચેક મળ્યો | 4,000 |
| " 22 | નિતી પાસેથી મળ્યા | 2,480 |
| | તેને વટાવ આપ્યો. | 20 |
| " 24 | વિશાલ પાસેથી મળેલ ચેક બેંકમાં ભર્યો | 2,000 |

" 26 વીમા પ્રિમીયમ ચેકથી ચુકવ્યું 1,000

" 31 પગાર પેટે ચેક આપ્યો 3,000

" 31 ધંધાના ઉપયોગ માટે બેંકમાંથી ઉપાડ્યા 2,000

(બ) રોકડમેળ અને પાસબુક પ્રમાણેની બેંક બાકીમાં તફાવત માટે જવાબદાર કારણોની ચર્ચા કરો.

**વિભાગ ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ 1000 શબ્દોમાં આપો.** **(૨×૧૫=૩૦)**

પ્રશ્ન:1 (અ) આપમેળી પદ્ધતિના ફાયદા જણાવો.

(બ) નીચેની માહિતી ઉપરથી તા:31-12-2008 ના રોજ પૂરા થતા વર્ષ માટે સામાન્ય ખાતાવહી હવાલા ખાતા, દેવાદારોની ખાતાવહી હવાલા ખાતું અને લેણદારોની ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો.

વર્ષ દરમ્યાનના વ્યવહારો :

| વિગત | રકમ રૂ. |
|---|---|
| રોકડ ખરીદી | 4,3૨૦ |
| દેવાદારોને રોકડ ચૂકવી | 25 |
| દેવાદારોની ખાતાવહીમાંથી લેણદારોની ખાતાવહીમાં ફેરબદલી | 1,242 |
| ખરીદી | 25,200 |
| લેણદારોને ચૂકવેલી રોકડ | 12,700 |
| લેણદારોએ વટાવ આપ્યો | 1,020 |
| લેણદારોની લખેલી હુંડીઓ સ્વીકારી | 7,400 |
| વેચાણ | 28,209 |
| દેવાદારો પાસેથી હુંડીઓ મળી | 9,300 |
| દેવાદારો પાસેથી રોકડ મળી | 8,700 |
| દેવાદારોને આપેલ વટાવ નામંજૂર કર્યો | 100 |
| માંડી વાળેલ ઘાલખાધ | 215 |
| ખરીદ પરત | 714 |
| દેવાદારોને આપેલ વટાવ | 215 |
| રોકડ વેચાણ | 7,400 |
| વેચાણ પરત | 208 |
| હુંડીઓ નકારાઈ | 200 |

| તા: 01-01-2008 ના રોજ બાકી | | | |
|---|---|---|---|
| દેવાદાર (ઉધાર) | 17,425 | દેવાદાર (જમા) | 3૨૦ |
| લેણદાર (ઉધાર) | 204 | લેણદાર (જમા) | 27,408 |

પ્રશ્ન: 2 (અ) જોગવાઈ અને અનામત વચ્ચેનો તફાવત દર્શાવો.

(બ) અનામતના પ્રકારો સવિસ્તૃત સમજાવો.

પ્રશ્ન: 3 નીચે આપેલ માહિતી ઉપરથી રામ એન્ડ શ્યામ કંપનીનું વેપાર ખાતું, નફા-નુકશાન ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરો.

તા: 30-06-2015 ના રોજનું રામ એન્ડ શ્યામ કંપનીનું કાચું સરવૈયું

| ખાતાનું નામ | ઉધાર બાકી રૂ. | જમા બાકી રૂ. |
|---|---|---|
| ખરીદી | 3,20,000 | |
| વેચાણ પરત | 75,000 | |
| નૂર | 2,000 | |
| ભાડું | | 20,000 |
| ખરીદ પરત | | 1,20,000 |
| શરૂઆતનો સ્ટોક | 70,000 | |
| જમીન અને મકાન | 4,00,000 | |
| ઘાલખાધ | 5,000 | |
| વેપાર ખર્ચ | 6,700 | |
| સાંચા અને યંત્રો | 3,75,000 | |
| આવકમાલ ગાડાભાડું | 3,600 | |
| પગાર | 25,000 | |
| પેકિંગ ખર્ચ | 3,200 | |
| ફર્નિચર | 50,000 | |
| મજૂરી | 20,000 | |
| વેચાણ | | 5,75,000 |
| લેણદારો | | 80,000 |
| ઉપાડ | 10,000 | |
| વીમા પ્રિમીયમ | 850 | |
| વ્યાજ | | 10,450 |
| લેણીહુંડી | 4,700 | |
| લોન | | 3,25,000 |
| દેવાદારો | 75,000 | |
| રોકડસિલક | 5,000 | |
| મૂડી | | 3,00,000 |
| ઘરવપરાશથી ગયેલ માલ | | 20,600 |
| | 14,51,050 | 14,51,050 |

વધારાની માહિતી:

(i) આખર સ્ટોક રૂ. 30,000 (ii) જમીન અને મકાનની કિમત વર્ષના અંતે રૂ. 3,90,000 આંકવામાં આવેલ છે. (iii) ઘસારો: સાંચા-યંત્રો-10,000 તથા ફર્નિચર-10,000 (iv) ઘાલખાધ રૂ. 5000 માંડી વાળો. (v) અગાઉથી ચૂકવેલ મજૂરી રૂ. 2000 તથા પગાર ચૂકવવાનો બાકી રૂ. 5000 (vi) ભાડામાં રૂ. 4700 અગાઉથી મળેલ છે.

પ્રશ્ન: 4 (અ) નીચે આપેલા વ્યવહારોની આમનોંધ લખો.

(1) વિશાલે રૂ. 5000 રોકડા અને રૂ.2000 નો માલ લાવો ધંધો શરુ કર્યો.

(2) કાનન પાસેથી રૂ. 3500 નો માલ રોકડેથી ખરીદ્યો.

(3) અશોક પાસેથી રૂ. 10,500 નો માલ ખરીદ્યો, જે પૈકી રૂ. 2500 રોકડા ચૂકવ્યા.

(4) રૂ. 12,350 નું ફર્નિચર ખરીદ્યુ.

(5) જતન ને રૂ. 6500 નો માલ વેચ્યો.

(6) નૂર-જકાતના રૂ. 300 ચૂકવ્યા.

(7) ઘરવપરાશ માટે રૂ. 250 નો માલ અને રૂ. 450 રોકડા ઉપાડ્યા.

(8) અશોકને રૂ. 3000 નો માલ પરત મોકલાવ્યો.

(9) અશોકનો હિસાબ ચૂકતે કર્યો.

(10) જતન નાદાર જાહેર થયો. તેની પાસેથી રૂપિયે 40 પૈસા ડિવિડન્ડ મળ્યું.

(બ) **ટૂંકમાં સમજાવો.** (i) વિનિમય પત્ર (ii) વચનચિઠ્ઠી

**વિભાગ ગ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.(ગમે તે ચાર)** **(૫×૪=૨૦)**

પ્રશ્ન: 1 (i) મુલતવી રાખેલા મહેસુલી ખર્ચ ઉદાહરણ સહિત સમજાવો.

(ii) વાર્ષિક હિસાબોમાં અગાઉથી ચૂકવેલ ખર્ચની અસરો

પ્રશ્ન: 2 વિશ્વાસ ટ્રેડર્સ દ્વારા તા:01-04-2003ના રોજ રૂ. 1,20,000 ની કિમતનું યંત્ર ખરીદેલ હતું. તા:01-10-2003ના રોજ રૂ. 40,000 ના બીજા યંત્રો ખરીદવામાં આવ્યા હતા. તા: 31-03-2004 ના રોજ યંત્ર ખ્તાની બાકી રૂ. 1,46,000 હતી. વર્ષ: 2003-04 માટે યંત્ર ખાતું તૈયાર કરો.

પ્રશ્ન: 3 નીચેની માહિતીના આધારે શરૂઆતનો સ્ટોક શોધો.

| | |
|---|---:|
| કાચો નફો (વેચાણ ઉપર કાચા નફાનો દર 25 %) | 1,05,000 |
| આખર સ્ટોક | 22,500 |
| ખરીદી અને સીધા ખર્ચનું પ્રમાણ (7:3) | 2,00,000 |

પ્રશ્ન: 4 આડતમાલ – વેચાણ વચ્ચે તફાવત જણાવો.

પ્રશ્ન: 5 એક્નોંધી નામાપદ્ધતિ અને દ્વીનોંધી નામાપદ્ધતિ વિશે ટૂંકમાં સમજાવો

## વિભાગ ઘ નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

(1) રોટરી હેલ્થ ક્લબના હિસાબો તૈયાર કરતાં સભ્યોને પૂરા પાડવામાં આવતાં લોકરનું ભાડું કયા ખાતામાં અને કઈ બાજુ દર્શાવવામાં આવે છે?

(2) (i) એકસૂત્રતા નાણાકીય પત્રકોની ઉપયોગિતા ઘટાડે છે. (સાચું/ખોટું)

(ii) યંત્ર લાવવા માટે ચૂકવેલ નૂર/જકાત મહેસુલી ખર્ચ કહેવાય. (સાચું/ખોટું)

(3) જમાખર્ચી નોંધ એટલે શું?

(4) ICAMA દ્વારા આપવામાં આવેલ ઘસારાની વ્યાખ્યા જણાવો.

(5) નીચેની વિગત માટે રામના ચોપડે આમનોંધ લાખો.

જાન્યુઆરી 18, 1996 ના રોજ રામે ધંધામાંથી રૂ.1800 નો માલ ઘરવપરાશ માટે લઇ ગયા તેમજ અંગત ખર્ચ માટે રૂ.3200 રોકડ લીધી.

(6) એક્નોંધી નામાપદ્ધતિના કોઈપણ બે લક્ષણ જણાવો.

(7) આસામી આડત કોને કહેવાય છે?

(8) ઉધાર ખરીદી કેટલી છે તે શોધવા માટે કયું ખાતું બનાવવું પડશે?

(9) "આડતમાલને લગતા વ્યવહારમાં બે કે તેથી વધુ સહભાગીદારો હોય છે." વિધાન સાચું છે કે ખોટું તે જણાવો. જો વિધાન ખોટું હોય તો સુધારીને ફરીથી લખો.

(10) તા:01-08-1996 ના રોજ રૂ.15000 નું ફર્નિચર ખરીદ્યું. ફર્નિચર ઉપર વાર્ષિક 5% લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ ઘસારો ગણવામાં આવે છે. પૂરા થતા હિસાબી વર્ષ તા: 31-03-1997 ના રોજ ફર્નિચર ઉપર ઘસારો ગણો.